# "ઑર્ડિનન્સ કઢાવો કે ગાંધીની કોઈએ ખબર કઢાવવી નહીં!"

**મહાદેવભાઈ** દેસાઈ

મીરાબહેનને કાગળ લખેલો તેમાં બાપુએ પોતાની તબિયતના જરા વિગતવાર હાલ આપ્યા હતા. અલૂણું કેમ છોડવું પડ્યું, વગેરે. તે હકીકત કાગળમાંથી કાઢી નાખવી જોઈએ, એમ મેજરે કહ્યું, બાપુએ અંદર લખી આપ્યું: "આમાંથી કશી હકીકત પ્રસિદ્ધ નથી કરવાની." કટેલી બિચારા કાગળ પાછો લઈ ગયા. મેજર કહેઃ "ના, બીજો જ કાગળ લખાવો. આ નહીં ચાલે. કાયદો એવો છે કે તબિયતના આવી રીતે ખબર ન અપાય. અને મીરાબહેન ઉપર તો સરકારની આંખ છે. એટલે એ કાગળ એના ઉપર ગયા વિના નહીં રહે."

વલ્લભભાઈએ પૂછ્યું: "થોડા દિવસ ઉપર એક છોકરો અહીં મરી ગયો?" મેજરે ઠંડે પેટે કહ્યું: "હા." બાપુ કહેઃ "કેવડો હતો?" સુપરિન્ટેન્ડન્ટઃ "મને ખબર નથી." વલ્લભભાઈ: "એને શું થયું હતું?" સુપરિન્ટેન્ડન્ટઃ "જૉન્ડિસ. બે જ દિવસ હૉસ્પિટલમાં રહ્યો અને મરી ગયો." જાણે કશું જ ન બન્યું હોય એમ એણે કહ્યું અને અમે સાંભળ્યું!!

મેજરને બાપુએ પૂછ્યું: "તબિયતની ખબર ન લખી શકાય એવો કાયદો છે શું?" મેજર કહેઃ "હા, તમારા જેવાને વિશે લોકો ગમે તે માનીને ચિંતા કરવા માંડે. લેડી ઠાકરસી તમારી તબિયતને વિશે સાંભળીને પૂછવા આવ્યાં હતાં. તમને ઝાડા થયા એ ખબર બહાર પડે તો અહીં ઢગલો માણસો તપાસ કરવા આવે!" વલ્લભભાઈ: "ઑર્ડિનન્સ કઢાવો કે ગાંધીની કોઈએ ખબર કઢાવવી નહીં!" બાપુઃ "નહીં, પણ હું જાણવા માગું કે આ કાયદો છે કે અમારા માટે જ આ કહો છો? મારે માટે હોય તો હું સમજી શકું. પણ કાયદો જ હોય તો મારે તેની સામે લડવું પડશે." મેજરઃ "નિયમ તો છે જ. પણ લડવાની તો ઘણીય વસ્તુ છે, આની સામે શું લડવું?" બાપુઃ "એવી નાની નાની વસ્તુઓ તો ઘણીય છે. અને મારા ખબર આપવાથી તો ઊલટી ખોટી ખબર ફેલાતી અટકી જશે." મેજરઃ "ખરી ખબર અમે આપીએ છીએ. કોઈ માણસ ઘણો માંદો હોય તો તાર કરીએ છીએ." જેલરઃ "પેલો છોકરો મરી ગયો તેને વિશે ટેલિફોન કર્યો હતો." બાપુઃ "એટલે ગંભીર માંદગી થાય ત્યાં સુધી તમે રોકાઓ." વલ્લભભાઈ: "એ તો મરી જશે એવો ભય પેદા થાય ત્યારે જ ખબર અપાય એવું હશે." મેજર ચિડાયો. ૨૪-૬-'૩૨

બાપુને મેં કહ્યું: "પેલા છોકરાના મૃત્યુ વિશે એણે જે બેદરકારી બતાવી એથી મને બહુ ચીડ ચઢી." બાપુઃ "એ તો નોકરીમાં માણસ આવા જ થઈ જાય છે." હુંઃ "અમારે ત્યાં… નાગો માણસ



હતો પણ કોઈની માંદગીની વાત હોય તો એને કાળજી રહે. લાગણી પણ થાય. એની રોજ વાતો કરે, ખબર પણ આપી આવે." બાપુઃ "એ તો એ માણસ દારૂ પીતો હતો ને? દારૂ પીનાર માણસની લાગણી એવી નાજુક હોય છે." હુંઃ "આશ્ચર્ય છે." વલ્લભભાઈ: "જોજે લાગણી તીવ્ર કરવાને માટે દારૂ પીતાં ન શીખીશ." બાપુ કહેઃ "ટૉલ્સ્ટૉયે પેલા માણસને દારૂ પાયો ત્યાં સુધી તો એની ખૂન કરવાની હિંમત નહોતી ચાલતી, લાગણી થતી હતી. જ્યારે એણે તમાકુ પીધી ત્યારે લાગણી બુઠ્ઠી થવા લાગી. બુદ્ધિને ધુમાડો લાગે એટલે પછી માણસ ગમે તે કરે."

આ ગમ્મતો ચાલતી હતી, ત્યાં મેજર પાછા આવ્યા. સાથે મેજર ડૉઈલ અને ટૉમસ હતા. ડૉઈલે ટૉમસની ઓળખાણ કરાવી. બાપુની સામે ખુરશી નાખીને બેઠો. ટૉમસ (ગૃહમંત્રી)ને બાપુ અગાઉ કોઈ વાર મળેલા નહીં. એણે ખુલાસો કર્યો કે "હું સરકારી કામે નથી આવ્યો. માત્ર તમારી ઓળખાણ કરવા આવ્યો છું." બાપુએ કહ્યું: "હું બહુ રાજી થયો." તબિયતની ખબર પૂછી. હવાની વાત ચાલી. પુસ્તકો બુસ્તકો પૂરતાં છે કે નહીં એ પૂછ્યું. ઉર્દૂ વાચનની વાત નીકળી. બાપુ કહેઃ "લાહોર અંજુમનનાં પુસ્તકો મારે મન આંખ ખોલી નાખરનારાં છે." ટૉમસે બહુ રસથી સાંભળ્યું. પૂછ્યું કે "બીજી દેશી ભાષાઓમાં આવાં પુસ્તકો છે ખરાં?" બાપુ કહેઃ "મને ખબર નથી. ગુજરાતીમાં ખાસ આવાં નથી." પછી પૂછેઃ "એમાં પયગમ્બરો વિશે છે?" બાપુ કહેઃ "ના મુસલમાન ધર્મ વિશે બધું છે. અને હું તો મુસલમાન માનસ સમજવાને માટે એ વાંચું છું." પછી ટૉમસે પૂછ્યું: "તમે કાંઈ લખો છો?" બાપુ કહેઃ "હા, હમણાં આશ્રમનો ઈતિહાસ લખું છું." ટૉમસઃ "તો તો તમારે કાગળિયાં બહુ જોવાં પડતાં હશે." બાપુ કહેઃ "ના, મેં આત્મકથા અને 'સત્યાગ્રહનો ઈતિહાસ' કાગળો વિના જ લખેલાં." ટૉમસઃ "બધું જ યાદદાસ્ત ઉપરથી?" બાપુઃ "હા, અને પછી કાગળિયાં સાથે સરખાવી જોતાં એમાં કાંઈ ભૂલો નથી જણાઈ. આ ઈતિહાસ તો લખવો સહેલો છે કારણ એમાં ઐતિહાસિક કરતાં નૈતિક દૃષ્ટિ વધારે છે. મારે બધાં વ્રતો એ નિયમોનો વિકાસ કેમ થતો ગયો એ લખવાનું છે." બાપુ બધું સ્મૃતિમાંથી લખતા હતા એ સાંભળીને પેલો તો સડક જ થઈ ગયો. પછી મુલાકાતોની વાત નીકળી. "તમે સરોજિનીને તો નહીં મળતા હો." બાપુઃ "એને મળવાની રજા નથી." મીરાબહેનની મુલાકાતની વાત નીકળી. ટૉમસ કહેઃ "પણ તમે બીજી મુલાકાતો શા સારું બંધ કરી? એમ તમે પોતાને સજા શા સારું કરી?" બાપુઃ "જેટલું કામ એ કરે છે તેને સારું એને ન મળવા દો તો કોઈને જ મારે ન મળવું જોઈએ." ટૉમસઃ "પણ એ વિલાયત કાગળો મોકલે છે તે મોકલવા બંધ કરે તો અમને વાંધો નથી." બાપુ કહેઃ "બંધ તો ન જ કરે. તમારે જોવા હોય તો જુઓ." ટૉમસઃ "પણ એ તો જે નુકસાન થવાનું હોય તે થઈ જાય પછી જ અમે જોઈએના?" બાપુઃ "તમે એના રદિયા આપો. એ ખાતરી-લાયક મળે તો તે પ્રમાણે એ સુધારો પણ કરે." ટૉમસઃ "પણ નુકસાન થયા પછી સુધારો શો?" બાપુઃ "એ તો સરકાર એવી ખોટી ખબર બહાર નથી પાડતી? માનવી વ્યવહારમાં એ તો બનવાનું જ." ટૉમસઃ "બને, પણ અમારે તો એવી ખબર ફેલાતી અટકાવવી જોઈએ."

*(આરપાર વાંચનઘરમાંથી પસંદગી પામેલ પુસ્તક 'મહાદેવભાઈની ડાયરી'માંથી)*